-:: વેચાણ દસ્તાવેજ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૬(નરોડા)ના તાલુકા અસારવા ના ગામ મોજે - નરોડા ની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૧ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ તથા રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ મળી કુલ ક્ષેત્રફળ ૬૬૭૮ સ.ચો.મીની જમીનનો સમાવેશ ટીપી સ્કીમ નં-૧૨૧(નરોડા-હંસપુરા-કઠવાડા)માં થતા ક્ષેત્રફળ ૨૬૭૧ સ.ચો.મી જમીન ટી.પી.કપાતમાં ગયેલ અને બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૩ ફાળવવામાં આવેલ જેનું કુલ ક્ષેત્રફળ ૪૦૦૭ સ.ચો.મી ની બીનખેતીની જમીન ઉપર **"મે.મારૂતી કોર્પોરેશન"** દ્વારા બાંધવામાં આવેલ યોજના કે જે **" સારથી રેસીડેન્સી "**નામથી ઓળખાય છે તેમાં ..... બ્લોકમાં ...... માળે આવેલ ફ્લેટ/દુકાન નંબર: .... જેનું ક્ષેત્રફળ .... સમ.ચો.મી. કારપેટ એરીયા તથા ....ચો.મી. બાલ્કની તથા .... ચો.મી. વોશ એરીયા મળી કુલ .... ચો.મી. કારપેટ એરીયા અને સદરહુ સ્કીમની ફાઈનલ પ્લોટ મુજબની કુલ સઘળી જમીન પૈકી બાંધકામ ના પ્રમાણમાં સદર વેચાણ આપેલ યુનીટના હિસ્સે આવતી વણવહેંચાયેલ .... સમચોરસમીટર જમીન કે જેની કકડાવાર અલગથી વહેંચણી ક્યારેય ન થઈ શકે તેવી જમીનના ફક્ત વપરાશી હક્ક સહિતની સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા. ..../- અંકે રૂપીયા...................................... પુરાનો.

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને કે એક તરફવાળા :-

લખી આપનાર:- **મે.મારૂતી કોપોરેશન**

એક તરફવાળા એ નામની ભાગીદારી પેઢી જેનો Pan No. ABOFM 9800 D છે અને સારથી રેસીડેન્સી,વિઠ્ઠલ પ્લાઝાની પાછળ,જી.ઈ.બી રોડ, સધિમાતાનાં મંદિરની સામે,નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦ મધ્યે આવેલ છે. તેના વતી અને તરફથી તેના ભાગીદારો

(૧) તુષાર અરવિંદભાઈ પટેલ પોતે જાતે તથા નંબર-૨ થી નંબર-૧૪ ના કુલમુખ્તાર તરીકે

(૨) ભરત મગનભાઈ ગજેરા

(૩) ભરતકુમાર મગનલાલ ડોબરિયા

(૪) રતિભાઈ જેઠાભાઈ બોરડ

(૫)તુષાર ધીરૂભાઈ ગઢિયા

(૬) રાકેશ ચીનુભાઈ પટેલ

(૭) નયનાબેન નિલેશભાઈ ગજેરા

(૮)અરવિંદભાઈ બાબુભાઈ ગજેરા

(૯)ચંદ્રિકાબેન અરવિંદભાઈ પટેલ

(૧૦) અશોકકુમાર રામભાઈ પટેલ

(૧૧) લાલજીભાઈ પોપટભાઈ ગજેરા

(૧૨) અનંતકુમાર પરશોત્તમભાઈ પટેલ

(૧૩) નીરવ નરેશભાઈ પટેલ

(૧૪) કનુભાઈ નાથાભાઈ ગજેરા

તમામ ઉ.વ.પુખ્ત વયના,ધર્મે: હિન્દુ,ધંધો: વેપાર

("જેમને હવે પછી આ કરારમાં અમો અગર લખી આપનાર અગર એક તરફવાળા તરીકે દર્શાવવામાં આવશે જેના અર્થમાં અમો એકતરફવાળા પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો, સભાસદો, એસાઈનીઝ,એડમિનીસ્ટ્રેટર્સ, એક્ઝીક્યુટર્સ, વકીલો, સક્શેસર્સ, ટ્રાન્સફરીઝ તમામનો સમાવેશ થાય છે.")

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને કે બીજી તરફવાળા :-

(૧) ....

PAN No.

ઉ.વ. પુખ્તવયના, ધર્મે : હિન્દુ, ધંધો : ઘરકામ/વેપાર,

રહેવાસી : .... અમદાવાદ.

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ રાખનાર અગર બીજી તરફવાળાએ રીતે સંબોધવામાં આવેલ છે. જેઓના સંપૂર્ણ અર્થમાં તમો લખાવી લેનાર જાતે પોતે તથા તમારા વંશ, વાલી,વારસો, ટ્રાન્સફરીઓ, એસાઈનીઓ, એક્ઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ તથા વખતો વખતના હોદ્દેદારો ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

જત આ વેચાણ દસ્તાવેજથી અમો લખી આપનાર તમો લખાવી લેનારને લખી આપી જણાવીએ છીએ કે....

૧.... રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૬(નરોડા)ના તાલુકા અસારવા ના ગામ મોજે - નરોડા ની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૧ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ તથા રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ મળી કુલ ક્ષેત્રફળ ૬૬૭૮ સ.ચો.મીની જમીનનો સમાવેશ ટીપી સ્કીમ નં-૧૨૧(નરોડા-હંસપુરા-કઠવાડા)માં થતા ક્ષેત્રફળ ૨૬૭૧ સ.ચો.મી જમીન ટી.પી.કપાતમાં ગયેલ અને બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૩ ફાળવવામાં આવેલ જેનું કુલ ક્ષેત્રફળ ૪૦૦૭ સ.ચો.મી ની બીનખેતીની જમીન ઉપર **"મે.મારૂતી કોર્પોરેશન"** દ્વારા બાંધવામાં આવેલ યોજના કે જે **" સારથી રેસીડેન્સી "**નામથી ઓળખાય છે તેમાં ..... બ્લોકમાં ...... માળે આવેલ ફ્લેટ/દુકાન નંબર: .... જેનું ક્ષેત્રફળ .... સમ.ચો.મી. કારપેટ એરીયા તથા ....ચો.મી. બાલ્કની તથા .... ચો.મી. વોશ એરીયા મળી કુલ .... ચો.મી. કારપેટ એરીયા અને સદરહુ સ્કીમની ફાઈનલ પ્લોટ મુજબની કુલ સઘળી જમીન પૈકી બાંધકામ ના પ્રમાણમાં સદર વેચાણ આપેલ યુનીટના હિસ્સે આવતી વણવહેંચાયેલ .... સમચોરસમીટર જમીન કે જેની કકડાવાર અલગથી વહેંચણી ક્યારેય ન થઈ શકે તેવી જમીનના ફક્ત વપરાશી હક્ક સહિતની સદરહુ મિલકત એકતરફવાળાની માલીકી તેમજ કબજા ભોગવટાની આવેલ છે. જેનું વિગત વાર વર્ણન આ વેચાણ દસ્તાવેજમાં નીચે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. તે ફ્લેટ અમો લખી આપનારએ તમો લખાવી લેનારને ઉચ્ચક રૂા. ..../- અંકે રૂપીયા.................................... પુરાના કિંમત અને સંપુર્ણ અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ અને તે અંગે તારીખ : .... ના રોજ અમદાવાદ ના મે. સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં રજી. નંબર : ...... થી નોંધાવીને કબજા સિવાયનો બાનાખતનો કરાર કરી આપેલ છે જે બાનાખતની શરતો અને આપણે બન્ને તરફવાળા વચ્ચે નક્કી થયેલ તમામ શરતોનું પાલન કરવાની તથા તમો ખરીદનારાએ તથા તમારા પછીના ખરીદનારાએ નક્કી કરેલ તમામ શરતોનું સંપૂર્ણ પાલન કરવાની શરતે તેમજ તમો ખરીદનારાએ વેચાણ અવેજ ના સંપૂર્ણ નાણાં અમો લખી આપનારને નીચે જણાવેલ વિગતે ચુકવી આપ્યા છે.

રકમ રૂા. ચેક નં. બેંકનું નામ

....

....

....

....

રૂા. ..../- કુલ અંકે રૂપીયા .... પુરા

૨.... અમો લખી આપનારને ઉપરોક્ત જણાવેલ વિગત વેચાણ અવેજની સંપૂર્ણ રકમ મળી ગયેલ છે. જેની અમો લખી આપનાર પહોંચ સ્વીકારીએ છીએ.જેથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ યુનિટનો વેચાણ અવેજ નથી મળ્યો કે ઓછો મળ્યો છે તેવી તકરાર અમો ઉપરોક્ત મુજબના ટાઈટલ વાળી જમીનમાં જરૂરી એવી તમામ પરવાનગી મેળવીને અમો લખી આપનારએ મંજુર થયેલ પ્લાન મુજબ **" સારથી રેસીડેન્સી "**નામે યોજનાનું બાંધકામ કરેલ છે.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૬(નરોડા)ના તાલુકા અસારવા ના ગામ મોજે - નરોડા ની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૧ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ તથા રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ મળી કુલ ક્ષેત્રફળ ૬૬૭૮ સ.ચો.મીની જમીનનો સમાવેશ ટીપી સ્કીમ નં-૧૨૧(નરોડા-હંસપુરા-કઠવાડા)માં થતા ક્ષેત્રફળ ૨૬૭૧ સ.ચો.મી જમીન ટી.પી.કપાતમાં ગયેલ અને બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૩ ફાળવવામાં આવેલ જેનું કુલ ક્ષેત્રફળ ૪૦૦૭ સ.ચો.મી ની બીનખેતીની જમીન અમો લખી આપનારની માલીકી કબજા ભોગવટાની આવેલી છે.

ત્યારબાદ મહેરબાન જીલ્લા કલેકટર,અમદાવાદના હુકમ નંબર : સીબી/ સીટીએસ-૧/એન.એ./એસ.આર.૭૫૭/૧૭, તારીખ.૨૬/૦૩/૨૦૧૮ ના હુકમથી સદર રેવન્યુ સર્વે નંબર-૫૩૮/૧ અને ૫૩૮/૨ અનુક્રમે ક્ષત્રફળ ૩૩૩૯ અને ૩૩૩૯ સમચોરસમીટર મળી કુલ ક્ષેત્રફળ ૬૬૭૮ સમચોરસમીટરની જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નંબર-૧૨૧(નરોડા-હંસપુરા-કઠવાડા) માં થતા ક્ષેત્રફળ ૨૬૭૧ સમચોરસમીટર ની જમીન ટી.પી.કપાતમાં ગયેલ અને બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૩ આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૪૦૦૭ સમચોરસમીટર નકકી કરવામાં આવેલ તે જમીન બીનખેતીમાં તબદીલ કરવામાં આવેલ અને તે અંગેની એક ધોરણસરની નોંધ ગામ નમુના નંબર-૬ માં ફેરફારની એન્ટ્રી નંબર-૨૧૯૮૩ તારીખ ૦૨/૦૪/૨૦૧૮ ના રોજથી દાખલ કરવામાં આવેલ.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૬(નરોડા)ના તાલુકા અસારવા ના ગામ મોજે - નરોડા ની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૧ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ તથા રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ મળી કુલ ક્ષેત્રફળ ૬૬૭૮ સ.ચો.મીની જમીનનો સમાવેશ

ટીપી સ્કીમ નં-૧૨૧(નરોડા-હંસપુરા-કઠવાડા)માં થતા ક્ષેત્રફળ ૨૬૭૧ સ.ચો.મી જમીન ટી.પી.કપાતમાં ગયેલ અને બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૩ ફાળવવામાં આવેલ જેનું કુલ ક્ષેત્રફળ ૪૦૦૭ સ.ચો.મી ની બીનખેતીની જમીન **રતીલાલ જેઠાભાઈ બોરડ વિગેરે** ની માલીકી ની આવેલ અને તે સદરહુ જમીન અમો લખી આપનાર પેઢીને તારીખ : ૦૩/૧૨/૨૦૨૦ ના રોજ વેચાણ દસ્તાવેજ રજી. નંબર : ૧૬૮૫૮ થી વેચાણ આપેલ જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં તારીખ : ૦૪/૧૨/૨૦૨૦ ના રોજ અનુક્રમ નંબર: ૨૩૧૭૧ થી થયેલ છે અને આ રીતે સદરહુ જમીન અમો લખીઆપનાર પેઢીના માલિકી હક્ક તથા કબજા ભોગવટામાં આવેલ છે.

ત્યારબાદ મહેરબાન જીલ્લા કલેકટર,અમદાવાદના હુકમ નંબર : સીબી/ સીટીએસ-૧/એન.એ./એસ.આર........./૨૧, તારીખ....../૦૩/૨૦૨૧ ના હુકમથી સદર રેવન્યુ સર્વે નંબર-૫૩૮/૧ અને ૫૩૮/૨ અનુક્રમે ક્ષત્રફળ ૩૩૩૯ અને ૩૩૩૯ સમચોરસમીટર મળી કુલ ક્ષેત્રફળ ૬૬૭૮ સમચોરસમીટરની જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નંબર-૧૨૧(નરોડા-હંસપુરા-કઠવાડા) માં થતા ક્ષેત્રફળ ૨૬૭૧ સમચોરસમીટર ની જમીન ટી.પી.કપાતમાં ગયેલ અને બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૩ આપવામાં આવેલ જેનું ક્ષેત્રફળ ૪૦૦૭ સમચોરસમીટર નકકી કરવામાં આવેલ તે જમીન રીવાઈઝ બીનખેતીમાં તબદીલ કરવામાં આવેલ છે.

સદરહુ જમીન પર બાંધકામ કરવા અંગેના પ્લાનો અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા બ્લોક નંબર : એ+બી+સી માટે કેસ નંબર : BLNTS/NZ/171220/CGDCRV/ A4397/RO/M1 તથા રજાચીઠ્ઠી નંબર: 04501/171220/A4397/RO/M1 તથા બ્લોક નંબર : ડી+ઈ માટે કેસ નંબર : BLNTS/NZ/ 171220/ CGDCRV/ A4398/ RO/M1 તથા રજાચીઠ્ઠી નંબર: 04501/171220/A4398/RO/M1 થી તથા બ્લોક નંબર : એફ માટે કેસ નંબર : BLNTS/NZ/171220/CGDCRV/ A4399/RO/M1 તથા રજાચીઠ્ઠી નંબર : 04503/171220/A4399/RO/M1 થી તારીખ :૦૪/૦૨/ ૨૦૨૧ ના રોજ પાસ કરેલ છે અને સદર પાસ થયેલ પ્લાન મુજબ અમો એક તરફવાળાએ સદરહુ જમીન પર બાંધકામ કરેલ છે જે બાંધકામ તથા તેમાં પ્લાન અનુસાર મુકવામાં આવતા રોડ, રસ્તા, કોમન પ્લોટ, પેસેજ, ખુલ્લી જગ્યા વિગેરેની સંપુર્ણ માહિતી એક તરફવાળાએ બીજી તરફવાળાને આપેલ છે જે પુરેપુરી યોજના **" સારથી રેસીડેન્સી "**તરીકે ઓળખાય છે.

સદર પ્રોજેક્ટ રેરા અન્વયે રજીસ્ટર્ડ થયેલ છે જેનો રજી. નંબર :..છે.

પ્રોજેકટની જમીન ઉપર અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા મંજુર કરેલા પ્લાન મુજબ જુદા જુદા યુનીટોનું બાંધકામ લખી આપનારએ કરેલ છે અને તેમાં આવેલ ફ્લેટ નં. ..... જેનું ક્ષેત્રફળ .... સમ.ચો.મી. કારપેટ એરીયા તથા.......... ચો.મી. બાલ્કની તથા .... ચો.મી. વોશ એરીયા મળી કુલ ....ચો.મી. કારપેટ એરીયા અને સદરહુ સ્કીમની ફાઈનલ પ્લોટ મુજબની કુલ સઘળી જમીન પૈકી બાંધકામ ના પ્રમાણમાં સદર વેચાણ આપેલ યુનીટના હિસ્સે આવતી વણવહેંચાયેલ .... સમચોરસમીટર જમીન કે જેની કકડાવાર અલગથી વહેંચણી ક્યારેય ન થઈ શકે તેવી જમીનના ફક્ત વપરાશી હક્ક સહિતની સદરહુ મિલ્કત (કારપેટ એરીયા એટલે યુનીટની બહારની પહોળી દિવાલો,સર્વીસ શાફટસ,એક્સક્લુઝીવ બાલ્કની અથવા વરંડાનું ક્ષેત્રફળ અને ખુલ્લી ટેરેસનું ક્ષેત્રફળ બાદ કર્યા પછીનો યુનીટનો ચોખ્ખો વપરાશપાત્ર વિસ્તાર પરંતુ તેમાં યુનીટની અંદરની પાર્ટીશન દીવાલોનો વિસ્તાર તેમજ સ્ટ્રકચરલ મેમ્બર્સ, પ્લાસ્ટર કામ,સ્કીર્ટીંગ કે કોઈપણ પ્રકારના ફીનીશીંગ કામોનો સમાવેશ થાય છે) અને આ માપની પધ્ધતિ લખી આપનારએ લખાવી લેનારને સંપૂર્ણપણે સમજાવેલ છે અને લખાવી લેનારને તેને કબુલ મંજુર રાખીને આ યુનીટ ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જેથી કારપેટ એરીયા ગણવાની પધ્ધતિ અંગે લખાવી લેનારએ કોઈપણ જાતના વાદ-વિવાદ કરવા કરાવવાના નથી અને કરે-કરાવે તો તે આ કરારની રૂએ રદબાતલ થાય સહી.

મજકુર મિલકત તમો લખાવી લેનારએ ખરીદ કરવાનું નક્કી કરેલ અને સદરહુ યુનીટ અમો લખી આપનારએ આ વેચાણ દસ્તાવેજ થી તમો લખાવીલેનાર ને વેચાણ આપેલ છે. જેનો આ વેચાણ દસ્તાવેજ તમોને આજરોજ કરી આપેલ છે.

૩.... તમો લખાવી લેનારની માંગણીથી અમો લખી આપનારએ, મજકુર યુનીટના તથા તે તળેની જમીનને લગતા ટાઈટલ સબંધીત હક્ક દર્શક તમામ દસ્તાવેજો તથા અમો લખી આપનારના આર્કીટેક એન.સ્કેલ એસોસીએટ્સ દ્વારા તૈયાર કરવામાં આવેલા તમામ નકશા, આલેખનો અને વિગત વર્ણનો તેમજ રીયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) અધિનિયમ-૨૦૧૬ (હવે પછી અહી જેનો ઉલ્લેખ ઉક્ત અધિનિયમ તરીકે કરવામાં આવ્યો છે) અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ નિર્દેશ કરવામાં આવ્યા મુજબના અન્ય દસ્તાવેજો તમો લખાવી લેનારને તપાસવા માટે આપેલ છે અને તમો લખાવી લેનારએ તે તપાસ લીધેલ છે અને લખાવી લેનારનો તેનાથી સંતોષ થયો છે અને કબુલ મંજુર રાખેલ છે.અમો લખી આપનાર દ્વારા આયોજીત ઉક્ત પરિયોજના પર યુનીટનું બાંધકામ જે મુજબ બાંધવામાં આવેલ છે અને જે મુજબ ખુલ્લી જગ્યાઓ પુરી પાડવાનું આયોજન કરેલ છે તે નકશા અને લે-આઉટની અધિકૃત નકલો તમો લખાવી લેનારએ તપાસી લીધેલ અને અમો લખી આપનાર દ્વારા સ્થળે તે મુજબનું જ બાંધકામ કરવામાં આવેલ છે. તે પણ તમો લખાવી લેનારએ તપાસી લીધેલ છે અને તમોને તેનાની સંતોષ થયેલ છે અને તમોએ કબુલ મંજુર રાખેલ છે.

૪.... અમો લખી આપનાર વકીલ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલા હક્ક પ્રમાણપત્ર (સર્ટીફીકેટ ઓફ ટાઈટલ)ની અધિકૃત નકલો, યુનીટનું બાંધકામ જેના ઉપર કરવામાં આવેલ છે તે પ્રોજેક્ટની જમીન પરના અમો લખી આપનારના હક્કનો પ્રકાર દર્શાવતા હક્ક પત્રક અથવા ૭/૧૨ ના ઉતારા, પત્રક-૬ નો ઉતારો અથવા અન્ય સંબંધીત મહેસુલી રેકર્ડની અધિકૃત નકલો પણ તમો લખાવી લેનારએ તપાસી છે અને તેનાથી તમો લખાવી લેનારને સંતોષ થયો છે. તેમજ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા મંજુર કરવામાં આવેલા તમામ નકશા અને લે-આઉટની અધિકૃત નકલો પણ તમો લખાવી લેનારએ તપાસી છે, તથા તમોને સંતોષ થયેલ છે.

૫..... નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ યુનીટ અમો લખી આપનાર માલિકી પણાં અને કબજા, ભોગવટામાંથી કાઢી તેનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમોલખી આપનારએ તમો લખાવી લેનારને સુપ્રત કરી દીધેલ છે અને તમો લખાવી લેનારએ મજકુર યુનીટનો અમો લખી આપનાર પાસેથી રાજીખુશીથી સ્થળ ઉપર શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સ્વીકારેલ છે.

૬.... આજરોજ તમો લખાવી લેનારને કબજો સુપ્રત કર્યાથી પાંચ (૫) વર્ષના સમયગાળા દરમિયાન, યુનીટમાં અથવા **" સારથી રેસીડેન્સી "** માં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવતા અંગેની કોઈ ખામી તમો લખાવી લેનાર, અમો લખી આપનારના ધ્યાને લાવો અને તે ખામી તમો લખાવી લેનારના કારણે ઉત્પન્ન થયેલ ન હોય તો તેવી ખામી અમો લખી આપનારએ શક્ય હોય ત્યાં સુધી દૂર કરી આપવાની રહેશે અને આવી ખામી દૂર કરવાનું શક્ય ન હોય તે લખાવી લેનાર આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓને આધીન ખામી માટેનું વળતર મેળવવા હક્કદાર રહેશે.પરંતુ આવી ખામીઓ માટે લખી આપનારને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા તો આવી ખામીઓ માટેનું કારણ લખી આપનાર નિયંત્રણ બહાર હોય, એવી કોઈપણ માળખાગત ખામી, કારીગરી, અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા લખાવી લેનાર કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ઉત્પન્ન થયેલ ખામી માટે તથા તમો લખાવી લેનાર કે તમો થકી અન્ય કોઈપણ ઈસમ દ્વારા બદઈરાદે કરાયેલ ખોટી ફરીયાદના કારણે લખી આપનાર લખાવી લેનારને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહી. કે આવી ખામી પોતાના ખર્ચે દૂર કરવા લખી આપનારની કોઈ જવાબદારી રહેશે નહીં.તેમજ નિયંત્રણ બહારની સ્ટ્રકટરલ ખામી તથા વર્કમેનશીપ ને કારણે ઉભી થયેલ ખામી તથા સેવાઓની ગુણવત્તા તથા એગ્રીમેન્ટમાં દર્શાવેલ સેવાઓમાં ઉત્પન્ન થયેલી ખામી વિગેર પ્રમોટના કારણે ઉભી થાય છે તેવું નીચે જણાવેલ બાબતેમાં ગણાશે નહીં.

૧) લખાવી લેનારએ સદરહુ નીચે પરીશીષ્ટમાં દર્શાવેલ મીલકત તથા તેને લગતા તમામ કામો જેવા કે ચણતર,પ્લાસ્ટર, આર.સી.સી. કામ, પ્લમ્બીંગ કામ, ફ્લોરીંગ કામ, રેલીંગનું કામ, ટાઈલ્સ કામ,ઈલેક્ટ્રીકલ કામ, સેનેટરી કામ, ડ્રેનેજ કામ, લિફટો તથા તેની કંપની, બેકઅપ ઈલેક્ટ્રીસીટી સપ્લાયનું કામ, તમામ દિવાલોનું કામ, ફાયર સેફટી સીસ્ટમનું કામ,તમામ ટાઈલ્સ ડેડો, બાથરૂમના કામ,તથા જરૂરી જગ્યાએ આપવામાં આવેલ ઢાળનું કામ વિગેરે તમામ કામોની ચકાસણી તમો લખાવી લેનારએ જાતે તથા જે તે બાબતના નિષ્ણાંત જાણકારી ધરાવનારા ઈસમો દ્વારા કરી કરાવી લીધેલ છે અને તે તમામ કામની ગુણવત્તા, તમામ કામનું લાઈન લેવલ, કારીગરી તથા તે તમામ કામો કરવા માટે વાપરવામાં આવેલ તમામ જરૂરી સાધન સામગ્રીની ક્વોલીટી તથા તેની કંપની વિગેરે તમામની ચકાસણી તમો લખાવી લેનારએ કરી કરાવી લીધેલ છે અને તે તમામથી લખાવી લેનારને સંપૂર્ણપણે સંતોષ થયેલો છે. અને તમામ બાબતો કબુલ, મંજુર રાખેલ છે. તમામ કામો યોગ્ય હોવાનું જણાયા બાદ જ લખાવી લેનારએ આ વેચાણ દસ્તાવેજમાં સહી મત્તા કરેલ છે.

૨) લખાવી લેનારને વેચાણ આપેલ સદરહુ મીલકત તથા તેને લગતી કોમન એમ્યુનીટીઝની તમામ બાબતોની જાળવણી તમો લખાવી લેનારએ સારામાં સારી રીતે કરવાની રહેશે અને લખાવીલેનારની સદરહુ કામો/ચીજોની યોગ્ય જાળવણી ન કરવાને કારણે અથવા ખોટી રીતે જાળવણી કરવાના કારણે અથવા તમો લખાવી લેનાર દ્વારા સદરહુ કામોને નુકશાન થાય તેવી રીતે અન્ય કાર્યો કરવાની નીચે પરીશીષ્ટમાં દર્શાવેલ મીલકત કે તેના કોઈપણ ભાગને કે કોમન સુવિધાઓને નુકશાન થાય તો તે અંગે અમો લખી આપનારની કોઈપણ જવાબદારી રહેશે નહીં.આ અંગે વધુમાં નીચે મુજબની ચોખવટ કરવામાં આવેલ છે.

૩) વધુમાં લખાવી લેનારએ લખી આપનારને આ વેચાણ દસ્તાવેજથી લેખીત બાંહેધરી આપેલ છે કે તેઓએ મજકુર યુનીટ અને સોસાયટીની કોમન સુવિધાઓમાં નીચે મુજબના કામો કરશે નહી અને જો નીચે જણાવેલ કામો/કાર્યોકરશે-કરાવેશે તો સદરહુ મીલકત/સોસાયટીની કોમન સુવિધાઓને લગતી રેરા કાયદાની કલમ-૧૪ (૩) માં જણાવેલ ખામી અંગેની જવાબદારી અંગે અમો પ્રથમ પક્ષકારની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં.

એ. સદરહુ યુનીટ અને કોમન સુવિધાઓમાં લખાવી લેનારએ કોઈપણ પ્રકારની તોડફોડ કરવાની નથી અથવા કોઈપણ પ્રકારના ફેરફાર કરવાના નથી. છતાં જો લખાવી લેનાર દ્વારા આવા કોઈ ફેરફાર કરવા-કરાવવામાં આવે અને તેના કારણે સદરહુ મીલકત / કોમન સુવિધાઓ/બિલ્ડીંગને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો તેના સંપૂર્ણ જવાબદાર તમો લખાવી લેનાર રહેશે.

બી. બિલ્ડીંગના તેમજ કોમન સુવિધાઓના કોઈપણ ભાગમાં બ્રેકર ચલાવવાના નથી કે છીણી હથોડાથી તોડફોડ કરવાની નથી, કોર કટીંગ કરવાનું નથી. કારણ કે આમ કરવાથી પ્લાસ્ટર છુટી પડી જવાના / પ્લાસ્ટરમાં ક્રેક પાડવાના/ ટાઈલ્સ છુટી પડી બોદી બોલવાના કે ટાઈલ્સના લેવલમાં અપ-ડાઉન થઈ જવાની ઘટના ઘટે માટે આવું કાર્ય કરવાનું નથી.

સી. લખાવીલેનાર સદરહુ યુનીટમાં ફાઈનલ કલર કામ કરતાપહેલા તમામ દિવાલો પર સોલ્ટ ગાર્ડ / આલ્કલીક બ્લોગના બે થી ત્રણ કોટ લગાવવાના રહેશે જેથી ભવિષ્યમાં કુદરતી રીતે દિવાલમાં નીકળતો ક્ષાર અટકાવી શકાય તેમજ દિવાલ પર કરવામાં આવતી લાપી / પુટ્ટી / પી.ઓ.પી. જીપ્સમ વિગેરેમાં ક્ષારયુક્ત પાણીથી બનેલ ન હોય તેની લેબોરેટરી ટેસ્ટીંગ કરાવ્યા બાદ જ વાપરવાની રહેશે.

ડી. બિલ્ડીંગની કે કોમન સુવિધાઓના બિલ્ડીંગની કોઈપણ બહારની તથા અંદરની દિવાલને તથા વોટરપ્રુફીંગને તથા પ્લાસ્ટરને તથા બારીદરવાજા,વોટર સપ્લાય, ડ્રેનેજ, ઈલેક્ટ્રીક વર્ક, ફ્લોરીંગ, સેનેટરી, ફાયર સેફટી સિસ્ટમ વિગેરેને નુકશાન થાય તેવું કોઈપણ કાર્ય તમો લખાવીલેનારે કરવા-કરાવવાનું નથી.

ઈ. યુનીટ માં તેમજ સોસાયટીમાં વપરાતી લાઈટો, મંજુર લોડ પ્રમાણે જ વાપરવાની રહેશે અને યુનીટ માં અને સોસાયટીમાં ફરજીયાત સારામાં સારી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરવાનું રહેશે.

એફ. સદરહુ બિલ્ડીંગના આર.સી.સી. કામમાં કોઈપણ સંજોગોમાં ઘીસી કે હોલ પાડવાના નથી તે બાબતની ખાસ કાળજી તમો લખાવી લેનારએ રાખવાની છે. કારણ કે સ્લેબ બીમમાં જો કોઈ ઘીસી કે હોલ પાડવામાં આવે તો તેની મજબુતાઈનો સંપુર્ણ નાશ થાય છે અને આવા સંજોગોમાં સ્લેબ તુટી જવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. જેથી આર.સી.સી.માં ઘીસી કે હોલ પાડવાની બાબતે અત્યંતપણે ગંભીર લઈને તેની ખાસ કાળજી તમો લખાવી લેનારે રાખવાની રહેશે. તેમ છતાં આ બાબતે તમો લખાવી લેનાર તેવી કાળજી રાખવામાં બેદરકારી દાખવો અને ઘીસી કે હાલ પાડો કે તેમાં ડીઝાઈન લોડ કરતા વધુ લોડ મુકો કે તોડફોડ દ્વારા આર.સી.સી. કામને નુકશાન પહોંચાડો અને તેના લીધે બિલ્ડીંગનું સ્ટ્રકચર નબળું પડી જાય કે કોઈપણ ભાગ તુટી જાય કે કોઈપણ નુકશાન કે ક્ષતી સર્જાય કે અકસ્માત સર્જાય તો તે અંગેની ખર્ચ સહીતની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે સહી. તેમાં અમો લખી આપનારની કોઈપણ પ્રકારની રીપેરીંગની કે અન્ય જવાબદારી રહેશે નહીં.

જી. લખાવી લેનારએ કબજો સ્વીકારતા પહેલા, યુનીટ ની ગુણવત્તા,કારીગરી, વાયરીંગ, વર્કીંગ કન્ડીશન વિગેરેની ચકાસણી કરી-કરાવી લીધેલ છે અને લખાવી લેનારને કોઈપણ કામમાં કોઈપણ પ્રકારની ખામી જાણાયેલ નથી. હવે પછી સમયસર યુનીટ નું મેઈન્ટેનન્સ કરવાની જવાબદારી તમો લખાવી લેનારની રહેશે. જો તમો લખાવી લેનાર યુનીટ નું મેઈન્ટેનન્સ કરવામાં નિષ્ફળ નિવડો અને બાંધકામમાં કોઈ ખામી સર્જાય કે અકસ્માત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

એચ. સબંધીત સ્થાનીક સત્તામંડળ અથવા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના નિયમો, સોસાયટીના નિયમો, પેટા નિયમ અને વિનિયમો વિરૂધ્ધ હોય તેવું કોઈ કૃત્ય તથા તોડફોડનું કોઈ કૃત્ય લખાવી લેનારએ મજકુર **" સારથી રેસીડેન્સી "** માં કરવા કરાવવાનું નથી.લખાવી લેનાર દ્વારા ઉપરોક્ત જાણાવેલ જોગવાઈનું ભંગ થાય એવું કોઈ કૃત્ય કરવામાં આવશે તો તેના પરિણામો ભોગવવા માટે લખાવી લેનાર જવાબદાર બનશે અને આવા સંજોગોમાં લખી આપનાર સામે ડીફેક્ટ લાયબિલીટીઝ અંગોનો ક્લેઈમ કરવાના લખાવી લેનારના હક્કો સંપૂર્ણ પાણે જતા રહેશે.

આઈ. ટૂંકમાં અમો લખી આપનારએ સદરહુ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ યુનીટમાં જરૂરીયાત મુજબના તમામ કામો સંપૂર્ણ રીતે પરીપૂર્ણ કરી આપેલ છે. તેમજ કરેલા તમામ કામોની ગુણવત્તા તદ્દન સારી છે. તેમજ કરેલા તમામ કામોમાં વપરાશમાં લીધેલ તમામ ચીજવસ્તુઓની ગુણવત્તા તથા વર્કમેનશીપ થી તથા સ્ટ્રક્ચરલ મજબુતાઈથી તમો લખાવી લેનાર સંપૂર્ણ સંતુષ્ટ છો.આગ અકસ્માત સમયે અગ્નીશામક દળની ગાડીઓ, પાણીના બંબાની ગાડીઓ, એમ્બ્યુલન્સ વિગેરે બિલ્ડીંગના દરેક બાજુ સુધી સહેલાઈથી પહોંચી શકે તે રીતેની વ્યવસ્થા રૂપે રોડ તથા રેમ્પ વિગેરે અમો લખી આપનારએ બનાવી આપેલ છે તથા આગ વખતે જનરેટર ચાલુ રહે તથા પાણીના ટાંકાઓ બનાવી આપેલ છે. તેમજ વધુમાં રોડ તથા એલીવેશનમાં તમો ખરીદનારાએ કે સોસાયટીના અન્ય સભ્યોએ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી કે તોડફોડ કરવાની નથી અને હર હંમેશ ખુલ્લા રાખવાના છે અને જો તોડફોડ કરશો કરાવશો અને અકસ્માત સમયે અગ્નીશામક દળની ગાડીઓ, પાણીના બંબાની ગાડીઓ, એમ્બ્યલુન્સ વિગેરેને અકસ્માત સ્થળે પહોંચવામાં કોઈપણ પ્રકારની અગવડતા ઉપસ્થીત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તમો લખાવીલેનાર ની તથા સોસાયટીની રહેશે.

૭... તમોને વેચાણ આપેલ સદરહુ યુનીટની અંદરના તથા બહારના તમામ કામો તથા સગવડતાઓ તમો લખાવીલેનારે તપાસી લીધા બાદ સદરહુ મિલકતનો કબજો લખી આપનાર પાસેથી સ્વીકારેલ છે અને તેમાં અમો વેચાણ આપનારાઓએ કરેલ નજીવા ફેર ફાર જેવા કે રોડ, ગાર્ડન તથા અન્ય સુવિધાઓના સ્થળમાં જરૂરીયાત મુજબના ફેરફાર તમો લખાવી લેનારને સમજાવેલ છે. જેથી ફેરફાર બાબતે પણ તમો લખાવીલેનાર સંમત

થયા છો અને ખુશી વ્યક્ત કરી કબુલ, મંજુર રાખેલ છે. આમ, તમો લખાવીલેનારે સમજી, વિચારી, સંમત થઈ અને ત્યારબાદ જ યુનીટ ખરીદ કરેલ છે અને તેનો કબજો સ્વીકારેલ છે. આમ, તમો લખાવીલેનારાએ -યુનીટના તથા કોમન સુવિધાઓના માપ બાબતે કે અન્ય કોઈપણ બાબતે ભવિષ્યમાં વાંધો વિરોધ કે દર દાવો કરવાનો નથી તે શરતે આ મિલકત તમોએ ખરીદ કરેલ છે તેમ છતાં ભવિષ્યમાં વાંધા, વચકા, દરદાવા કે કોર્ટ કેસ તમો લખાવીલેનાર કરોકરાવો તો તે તમામ આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય તે સહી.

૮.... સદરહુ યુનીટ કે જે તમો લખાવી લેનારને વેચાણ આપેલ છે અને સદર યુનીટને લખી આપનારએ જે સ્થિતીમાં આપેલ છે તે જ સ્થિતીમાં જાળવી રાખવાનો રહેશે. ઉપરાંત તમામ કોમન સુવિધાઓ બનાવી આપેલ છે અને તે તમામ સહીત આખા યુનીટની જાળવણી તથા મરામત તમોએ કરવાની રહેશે તે ઉપરાંત **" સારથી રેસીડેન્સી "** સ્કીમમાં આવેલ અન્ય સહીયારી સગવડતાઓ જેવી કે મેઈન એન્ટ્રી ગેટ તથા સીક્યુરીટીઝ કેબીન,કમ્પાઉન્ડ વોલ,કોમન લાઈટો,પાર્કીંગ,દાદર પેસેજ,લીફ્ટ, જનરેટર,બોરવેલ, અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકી તથા ફાયર સેફ્ટી સીસ્ટમ, એલીવેશન, કોમ્યુનીટી હોલ તથા અન્ય તમામ કોમનસુવીધાઓ વિગેરે અમો વેચાણ આપનારે તૈયાર કરી આપેલ છે તે તમામની વપરાશ તથા તેની જાળવણી તથા મરામત **" સારથી રેસીડેન્સી "** બિલ્ડીંગના તમામ યુનીટ હોલ્ડરોએ સાથે મળીને કરવાની રહેશે. મજકુર **" સારથી રેસીડેન્સી "** બિલ્ડીંગના ઉપરોક્ત તમામ કોમન ફેસેલીટીઝના મેન્ટેનન્સ, રીપેરીંગ ખર્ચ, વિજળી વપરાશના બીલો, રોડ, રસ્તા તથા કોમન જગ્યાની સાફ સફાઈ ખર્ચ, બિલ્ડીંગને તથા કોમન સુવીધાઓને લગતા અમદાવાદ મહાનગર પાલીકાના કોમન વેરા વિગેરે તથા અન્ય તમામ ખર્ચાઓ ચાર્જીસ ખર્ચ વિગેરે તમોએ તથા**" સારથી રેસીડેન્સી "** બિલ્ડીંગના સભ્યો, કબજેદારો તથા યુનીટના માલિકોએ ફાળેપડતો ચુકવવાનો / ભોગવવાનો રહેશે સહી. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો સોસાયટીના વહીવટકર્તા / એજન્સી,તમો સાથે કાયદેસરની કાર્યવાહી કરશે સહી તથા તમારા યુનીટના લાઈટ, પાણી, ડ્રેનેજ વિગેરે કનેક્શનો કાપી શકશે સહી. સદરહુ શરતને તમો લખાવીલેનારે રાજીખુશીથી સ્વીકારેલ છે અને આ વેચાણ દસ્તાવેજમાં સહી કરેલ છે.લીફ્ટ લાયસન્સ તથા ફાયર એન.ઓ.સી. દર વર્ષે રીન્યુ કરાવવાના હોય છે. એવીએશન લાઈટ ૨૪ કલાક ચાલુ રાખવાની હોય છે. તેમ છતાં કાયદાની જાણકારી મેળવી કાયદા મુજબ ઉપરોક્ત લાયસન્સો જે તે સમયે રીન્યુ કરાવવાની જવાબદારી તમો લખાવીલેનારની તથા સોસાયટીના સભ્યોની સંયુક્ત રીતે છે અને રહેશે. ઉપરાંત સદરહુ મિલકતની મજબુતાઈની ચકાસણી સમયાંતરે કરવાની હોયછે અને તે અંગે દર પાંચ વર્ષે અમદાવાદ મહાનગર પાલીકા / અમદાવાદ મ્યુ. કો.કચેરીમાં ફોર્મ નં. ૧૧ ભરીને જમા કરાવવાનું હોય છે જે ફોર્મ ભરીને જમા કરાવવાની ખર્ચ સહીતની જવાબદારી તમો લખાવી લેનારની તથા સોસાયટીના સભ્યોની સંયુક્ત છે અને રહેશે સહી. આમ, ધારા ધોરણ મુજબના ઈમારતની મજબુતાઈને લગતા તમામ પ્રકારના ટેસ્ટીંગ કરાવવાની કે તેના ફોર્મ

/ પત્રકો જે તે કચેરીમાં રજુ કરવાની કે તમમ પ્રકારની પરવાનગીઓ સમયાંતરે રીન્યુ કરાવવાની ખર્ચ સહીતની તમામ જવાબદારી તમો લખાવી લેનારની છે અને રહેશે સહી. ઉપરાંત અમો લખી આપનારએ તમામ બિલ્ડીંગની ઉપર એવીએશન લાઈટ મુકેલ છે તેને હરહંમેશને માટે ચાલુ હાલતમાં રાખવાની છે. તે અંગે પણ આપણે તમામ પક્ષોના વચ્ચે ખાસ ચોખવટ કરવામાં આવેલ છે.

૯..... વધુમાં તમો લખાવીલેનાર સાથે કાર / મોટર સાઈકલ પાર્કીંગ બાબતે પણ એવી ચોખવટ કરવામાં આવેલ છે કે કોમન પાર્કીંગની વ્યવસ્થા છે. જેથી ભવિષ્યમાં એલોટેડ પાર્કીંગની માંગણી કરવાની નથી. તે તમો લખાવીલેનાર એ સંપુર્ણપણે માન્ય રાખેલ છે. જેથી ભવિષ્યમાં કાર પાર્કીંગની ફાળવણી બાબતે લખાવીલેનારે લખી આપનાર સામે કે અન્ય કોઈપણ સામે કોઈપણ પ્રકારનો વાંધો વિરોધ રહેલ નથી અને ભવિષ્યમાં તમો લખાવી લેનાર તેવો કોઈ વાંધો વિરોધ કરો તો તે તમામ આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી. યુનીટનો કબજો રાજીખુશીથી સ્વીકારેલ છે.

૧૦..... ટાઈટલ રીપોર્ટમાં જાહેર કરવામાં આવ્યા છે તે સિવાય પ્રોજેક્ટની જમીન અથવા પ્રોજેક્ટ પર આજની તારીખે અમો લખી આપનાર સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક હિત રહેલા નથી. તેમજ પ્રોજેક્ટની જમીન તથા તેના સંપાદન અને પ્રોજેક્ટ અંગે લખી આપનારને સરકાર તરફથી અથવા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન તરફથી અથવા કાયદા કાનુન,સરકારી વટહુકમ, આદેશ, જાહેરનામાં હેઠળ લખી આપનારને કોઈ નોટીસ મળેલ નથી કે બજાવવામાં આવેલ નથી.આમ,લખી આપાનાર આ વેચાણ દસ્તાવેજ કરવાનો સંપૂર્ણ હક્ક અને અધિકાર ધરાવે છે.

૧૧.... આ વેચાણ દસ્તાવેજના આ લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ યુનીટના તમો લખાવી લેનાર એકલા સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક, મુખત્યાર,કબજેદાર અને વહીવટદાર બન્યા હોય, તેવા હક્કની રૂએ સોસાયટીના નિયમોને આધીન રહીને મજકુર યુનીટનો માલિકી હક્કે ઉપયોગ, ઉપભોગ, વહીવટ કરવા કરાવવા તેમજ મજકુર યુનીટ વેચાણ, ગીરો, બક્ષીસથી કે ભાડેથી કે અન્ય કોઈપણ તબદીલીના દસ્તાવેજથી વેચાણ રાખેલ યુનીટ તબદીલ કરવા તેમજ મજકુર યુનીટ ઉપર લોન મેળવવા અને તે અંગેના દસ્તાવેજ કરી આપવા તથા સેટલમેન્ટ કરવા તથા અદલાબદલી કરવા અથવા લાયસન્સથી આપવા અથવા આવક-આમદની ઉપજાવવા પણ હક્કદાર થયા છો ઉપરોક્ત દરેક કાર્ય વેચાણ રાખેલ યુનીટ જે હેતુ માટે વેચાણ રાખેલ છે તે હેતુ માટે જ કરી શકાશે. તે સહી. લખાવી લેનાર નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ યુનીટમાં એવો કોઈ સામાન રાખવાનો નથી કે જો જોખમી, જ્વલનશીલ અથવા ભયજનક ગણાતો હોય અથવા વજનમાં ભારે હોય કે જેનાથી યુનીટ જેમાં આવેલ છે. તે **" સારથી રેસીડેન્સી "**ના બાંધકામ અથવા માળખાને કોઈ નુકશાન પહોંચે, ઉપરાંત એવો કોઈ સામાન રાખી

શકાશે નહી કે જે રાખવા સામે સબંધીત સ્થાનીક અથવા અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનને વાંધો હોય અને જેના લાવવા, લઈ જવામાં દાદર, કોમન પેસેજ અથવા " **સારથી રેસીડેન્સી** " ના માળખાને નુકશાન થવાની સંભાવના હોય. તેમ છતાં લખાવી લેનાર દ્વારા આવી કોઈ કાર્યવાહી કરવામાં આવશે અને તેના કારણે યુનીટને નુકશાન થશે તો લખાવી લેનાર તેવા નુકશાન ભરપાઈ કરવાના અને ભોગવવાના પાત્ર બનશે. તેમજ " **સારથી રેસીડેન્સી** "માં આવેલ તમામ કોમન પેસેજમાં કે પાર્કીંગમાં કોઈપણ સભ્યોએ સામાન મુકવાનો નથી તમામ પેસેજ જવા આવવા માટે ખાલી રાખવાના છે. તેમજ પાણીનું સ્ટૉરેજ કરવા તમો લખાવી લેનારએ સદરહુ યુનીટમાં પાણીની ટાંકી મુકવાની નથી.

૧૨....બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર(BUC) આવ્યા પછી એફ.એસ.આઈ.,વધારાની એફ.એસ.આઈ,તથા ધાબાની વધારાની એફ.એસ.આઈ.તથા ધાબા(અગાસી)ઉપર પ્રમોટરનો કોઈ હક્ક,હિસ્સો રહેશે નહી અને તેવો જો હક્ક મળશે તો તે **"એસોસીએશન ઓફ એલોટી"** ની એટલેકે સોસાયટીનો રહેશે.

૧૩.... આજદીન બાદ કુદરતી આપતીઓ જેવી કે, ધરતી કંપ કે વરસાદના પુર આગ, વાવોઝોડુ, વિજળી પડવી વિગેરે તથા માનવ સર્જીત આપતીઓ જેવી કે, રમખાણો, તોફાનો, આતંકવાદ, આગ તથા વિગેરેને કારણે તથા લખાવી લેનાર કારણે બાંધકામને નુકશાન થાય કે કોઈપણ રીતે બિલ્ડીંગમાં ક્ષતી સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યુનીટની કે તમો " **સારથી રેસીડેન્સી** " ના તમામ યુનીટોના હોલ્ડરોની રહેશે તથા તે અંગેની અમો લખી આપનારની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની આર્થીક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી અને ગણાશે નહી. તે બાબતની આપણે બંને પક્ષકારો વચ્ચે ખાસ ચોખવટ થયેલ છે અને તમો લખાવીલેનારે સંમતી આપીને રાજીખુશીથી આ દસ્તાવેજ નો લેખ કરાવેલ છે. ઉપરાંત તમો લખાવી લેનારએ તમોએ ખરીદેલ યુનીટનો વીમો તમો લખાવીલેનારે પોતાના ખર્ચે ઉતારવાનો રહેશે અને તે વીમાનું પ્રિમીયમ તમો લખાવી લેનારએ પોતાની રીતે ભરપાઈ કરવાનું રહેશે. જો તમો લખાવી લેનાર તમારા યુનીટનો વીમો ન ઉતારો કે વીમાનું પ્રિમિયમ ન ભરપાઈ કરો અને ભવિષ્યમાં કોઈ નુકશાન થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારની છે અને રહેશે તે સહી.

૧૪.... લખાવી લેનાર દ્વારા એવું કોઈપણ કામ કરવા-કરાવવાનું નથી કે એવી કોઈ પરમીશન આપવાની નથી કે જેનાથી " **સારથી રેસીડેન્સી** " ની જમીન કે તેના બિલ્ડીંગને કે તેમાં આવેલ યુનીટના કોઈ ભાગને લગતા કોઈપણ વિમાને રદ અથવા રદ થવાને પાત્ર ઠરાવે અને જેનાથી વિમાના સંદર્ભમાં વધારે પ્રિમીયમ ચુકવવાને પાત્ર બને તેવું કોઈ કામ લખાવી લેનારએ કરવા - કરાવવાનું નથી અને જો આવું કોઈ કૃત્ય લખાવી

લેનાર કરશે તો ખર્ચ સહીતની સંપૂર્ણ જવાબદારી લખાવી લેનારની રહેશે.તેમજ લખાવી લેનારએ પોતાના યુનીટ માંથી કમ્પાઉન્ડમાં અથવા પરીયોજનાની જમીનના કોઈપણ ભાગ પર **" સારથી રેસીડેન્સી "** માં કોઈ કચરો, ગંદકી, ચીથરા અથવા એવી નકામી ચીજ વસ્તુઓ ફેકવાની નથી કે જેથી કરીને **" સારથી રેસીડેન્સી "** માં અન્ય અગવડતા ઉપસ્થિત થાય. તેમજ પેસેજમાં કે પાર્કીંગમાં કોઈપણ પ્રકારનો માલ સામાન મુકવાનો નથી.

૧૫.... સદરહુ મિલકતનો ઉપયોગ તમો લખાવી લેનારએ જે હેતુ માટે વેચાણ રાખેલ છે તે જ હેતુ માટે તેનો ઉપયોગ કરવાનો રહેશે યાને કે ફ્લેટનો ઉપયોગ ફક્ત રહેણાંકના હેતુ અને દુકાન કે ઓફિસ માટે કોમૅશીયલ હેતુ માટે જ સોસાયટીના નિયમોને આધીન રહીને કરવાનો રહેશે અને તે સિવાયનો કોઈપણ પ્રકારનો ઉપયોગ તમોએ કરવાનો નથી.

૧૬.... સદરહુ નીચે પરિશિષ્ટમાં દશવિલ યુનીટના લખાવી લેનારના કબજામાં હોવા છતાં બિલ્ડીંગના મેઈન્ટેનન્સ કામે જરૂર જણાય તો લખી આપનારને અથવા સોસાયટીને તેમના સર્વેયરો / કારીગરો સાથે કોઈપણ યોગ્ય સમયે મેઈન્ટેનન્સ કામ કરવા માટે પ્રવેશ કરવા દેવાનો રહેશે.લખી આપનારેઆ પ્રોજેક્ટના બાંધકામ શક્ય હોય તેટલા તમામ પ્રવર્તમાન કાયદા (ઈ.સી.સહીત)નું પાલન કરીને બાંધકામ કરેલ છે. તેમ છતાં કાયદા મુજબ કોઈપણ બાબતમાં કસુરવાર હોય તો તે અંગે તમો લખાવી લેનારને અમોએ જાણકારી આપી સમજાવેલ અને માહીતગાર કરેલ છે. તે તમામ બાબતો તમો લખાવી લેનારએ કબુલ મંજુર રાખીને યુનીટ ખરીદેલ છે.

૧૭.... સદરહુ **" સારથી રેસીડેન્સી "**ના તમામ સભ્યોની વધુ સુખાકારી માટે અમો લખી આપનારએ જે કાંઈપણ કોમન સુવિધાઓ બનાવી આપેલ છે અને તે તમોને ફ્રી ઓફ કોસ્ટ આપેલ છે.પ્લાનીંગની જરૂરીયાત મુજબ તેમજ તમામ સભ્યોની વધુ સુખાકારી માટે કોમન એમીનીટીઝના સ્થળમાં નજીવો ફેરફાર કરેલ છે અને તેમ કરવા માટે તમો લખાવી લેનારની સંમતી અમો લખી આપનારે મેળવેલ છે. કોમન સુવિધાઓ પૈકીની કોઈપણ કોમન સુવિધાઓ સરકારી કે અર્ધ સરકારી કચેરી દ્વારા કે અન્ય કોઈપણ રીતે દૂર કરવાનો બનાવ ઉપસ્થીત થાય તો તે અંગે અમો લખી આપનારની કોઈપણ પ્રકારની જવાબદારી નથી અને તેવા સંજોગોમાં મજકુર કોમન સુવિધાઓની માંગણી પણ તમો લખાવી લેનારએ અમો પાસેથી કરવા-કરાવવાની નથી તેમજ તેવી કોમન સુવિધાને બદલે કોઈપણ પ્રકારનું નાણાંકીય વળતર તમોએ અમો લખી આપનાર પાસેથી માંગવાનું નથી. કારણ કે અમો લખી આપનારએ કોમન સુવિધાઓનો કોઈ વેચાણ અવેજ તમો લખાવી લેનાર પાસેથી સ્વીકારેલ નથી. તેવી સ્પષ્ટ સમજણ તમો લખાવી લેનારને આપેલ છે અને તે તમોએ કબુલ મંજુર રાખીને મજકુર વેચાણ

દસ્તાવેજમાં સહીઓ કરેલ છે અને સદરહુ મિલકતનો કબજો રાજીખુશીથી સમજી, વિચારી તમોએ સ્વીકારેલ છે.

૧૮.... આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ યુનીટ વાળી મિલકત સરકારી,અર્ધસરકારી,સીટી સર્વે કચેરી,ગ્રામ પંચાયત કે અમદાવાદ મહાનગર પાલીકા તેમજ ટોરેન્ટ પાવર લી./યુ.જી.વી. સી.એલ. વિગેરેમાં જ્યાં જ્યાં અમો લખી આપનારનું નામ માલીક, કબજેદાર તરીકે ચાલી આવેલ હોય તે તમામ માંથી અમો લખી આપનાર નામેથી માલીક,કબજેદાર તરીકે કમી કરી-કરાવી,તમો લખાવી લેનારનું નામ માલીક કબજેદાર તરીકે દાખલ કરી-કરાવી શકશે સહી અને તે અંગે જરૂરી સહી, સંમતી, જવાબ વિગેરે આ વેચાણ દસ્તાવેજના લેખથી ગણી લેવાના છે સહી. ઉપરાંત સદરહુ બિલ્ડીંગને ખાનગી રાહે જે નામ આપવામાં આવેલ છે તે નામમાં યાને " **સારથી રેસીડેન્સી** " નામમાં તમો લખાવી લેનારએ કોઈપણ જાતનો સુધારો વધારો કરવાનો નથી કે નામ બદલવાનું નથી.

૧૯.... ઉપરોક્ત જાણાવેલ કુલ કિંમતમાં યુનીટનો કબજો સોંપવામાં આવે તે તારીખ સુધીનું યાને કે આજદીન સુધીનું જમીન મહેસુલ લખી આપનારએ ભરી દિધેલ છે અને તે સિવાયના તમામ કરવેરા જેવા મે મ્યુનિસિપલ વેરાઓ, જીએસટી,એસ, બાંધકામ કરવા માટે ભરપાઈ કરેલ એફ.એસ.આઈ.ના નાણાં, આઈ.સી.ના નાણાં, બેટરમેન્ટ ચાર્જીસ તથા ડ્રેનેજ ચાર્જીસ, પાણી કનેક્શન ચાર્જીસ, ડોક્યુમેન્ટ ચાર્જીસમાં, સ્ટેમ્પ ડયુટી, રજી. ફી, વકીલ ફી, લીગલ ફાઈલ ચાર્જ, સોસાયટી ફોર્મેશન ચાર્જ, સોસાયટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ચાર્જીસ,ઈલેક્ટ્રીક કનેક્શનના તમામ ચાર્જીસ જેવા કે ક્વોટેશન, ટ્રાન્સફોર્મર, કેબલ તથા ઈલેક્ટ્રીકટ કોન્ટ્રાક્ટર વિગેરેના ચાર્જીસ તથા અન્ય વેરાઓ વિગેરેનો સમાવેશ થયેલ નથી જેથી તેવા તમામ વેરાઓ તથા ચાર્જીસ તથા ઉપર જાણાવેલ તમામ ખર્ચાઓ લખાવી લેનારએ લખી આપનારને ચુકવી આપેલ છે અને તેમ છતાં કોઈ બાકી નિકળી આવે તો તે લખાવી લેનારએ લખી આપનારને ચુકવવાના રહેશે સહી. સદરહુ મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજના તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ચાર્જ વિગેરે તમો વેચાણ રાખનારે ભોગવેલ છે.

૨૦... તમોને વેચાણ આપેલ યુનીટના સદર લેખ ઉપર હાલના પ્રવર્તમાન સરકારશ્રીના જંત્રીના દર મુજબ પુરતો સ્ટેમ્પ વાપરી આ દસ્તાવેજ કર્યો છે. ભવિષ્યમાં કાયદા મુજબ ૩૨-ક માં જો મિલકતની વેલ્યુએશન માં વધારો થાય અને ખુટતો સ્ટેમ્પ ભરવાનો આવે તો તે ખુટતો સ્ટેમ્પ ભરવાની જવાબદારી તમો લખાવીલેનાર ની છે સહી અને તમો જે કંઈ વધારાની રકમ સ્ટેમ્પ ડયુટી પેટે ભરપાઈ કરો તો તેના આધારે કોઈ વધારાની રકમ અમોને અવેજ મળેલ ગણાશે નહી.

૨૧.... બન્ને તરફવાળાઓ વચ્ચેના કોઈપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે અને જો સમાધાન થી નિવારણ ન થાય તો તેવી તકરાર રીએલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એક્ટ સને ૨૦૧૬ (RERA) માં દર્શાવેલ સક્ષમ સત્તાધીકારી સમક્ષ રજુ કરવાની રહેશે.

૨૨.... લખાવી લેનારએ **" સારથી રેસીડેન્સી "**ના અન્ય સભ્યો સાથે મળીને એક એ.ઓ.પી. અથવા સોસાયટીની રચના કરવાની રહેશે અને તેને લખી આપનાર જે કહે તે નામથી તેની નોંધણી કરવાની રહેશે.લખી આપનાર દ્વારા સુચીત મંડળીની નોંધણી કરવાની કાર્યવાહી કરવા માટે જરૂરી એવા કાગળો તૈયાર કરવાના રહેશે અને લખાવી લેનારએ મંડળીમાં સભાસદ થવા માટેની અરજી પત્રક તથા પેટા નિયમો વિગેરેમાં સહી સીક્કા કરીને ૭ દિવસની અંદર લખી આપનારને પરત આપવાના રહેશે તથા સમયાંતરે મેમ્બરશીપ માટેની અરજી આપવાની રહેશે. જેથી લખી આપનાર સમયસર સુચીત મંડળીની નોંધણી કરાવવાની કાર્યવાહી કરી શકો મુસદ્દારૂપ પેટા-નિયમો, સમજુતીપત્ર અને ધારા-ધોરણમાં યથા પ્રસંગે સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર અથવા કંપનીઓના રજીસ્ટાર અથવા અન્ય કોઈ સક્ષમ સત્તા મંડળની જરૂરીયાત મુજબ કોઈ ફેરફારો કરવામાં આવે તો તે અંગે લખાવી લેનારે કોઈ વાંધો ઉઠાવવાનો નથી.

૨૩... સદર કરારમાં દર્શાવેલ શરતો અંગે કરારની શરતો બહાર કાયદાની જોવગાઈ મુજબ જો કોઈ તકરાર બંને તરફવાળા વચ્ચે ઉપસ્થિત થશે તો તેવી તકરારોનું નિવારણ જે તે સમયે પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અનુસાર નામદાર કોર્ટ દ્વારા કરવાનું રહેશે અને આ માટે અમદાવાદ શહેરની હુકુમત ધરાવશે.

૨૪.... આ કરારની કોઈપણ જોગવાઈ ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવા પાત્રઅન્ય કાયદાઓ હેઠળ રદ્દ કરવા અથવા બિન અમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો આવી જોગવાઈઓ આ કરારના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ્દ થયેલી ગણાશે આ કરારની બાકીની જોગવાઈઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જરીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

-: પરિશિષ્ટ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૬(નરોડા)ના તાલુકા અસારવા ના ગામ મોજે - નરોડા ની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૧ નું

ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ તથા રેવન્યુ સર્વે નંબર- ૫૩૮/૨ નું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૩-૩૯ મળી કુલ ક્ષેત્રફળ ૬૬૭૮ સ.ચો.મીની જમીનનો સમાવેશ ટીપી સ્કીમ નં-૧૨૧(નરોડા-હંસપુરા-કઠવાડા)માં થતા ક્ષેત્રફળ ૨૬૭૧ સ.ચો.મી જમીન ટી.પી.કપાતમાં ગયેલ અને બાકી રહેતી જમીનને ફાઈનલ પ્લોટ નંબર-૧૩ ફાળવવામાં આવેલ જેનું કુલ ક્ષેત્રફળ ૪૦૦૭ સ.ચો.મી ની બીનખેતીની જમીન ઉપર **"મે.મારૂતી કોપોરેશન"** દ્વારા બાંધવામાં આવેલ યોજના કે જે **" સારથી રેસીડેન્સી "**નામથી ઓળખાય છે તેમાં ..... બ્લોકમાં ...... માળે આવેલ ફ્લેટ/દુકાન નંબર: .... જેનું ક્ષેત્રફળ .... સમ.ચો.મી. કારપેટ એરીયા તથા ....ચો.મી. બાલ્કની તથા .... ચો.મી. વોશ એરીયા મળી કુલ .... ચો.મી. કારપેટ એરીયા અને સદરહુ સ્કીમની ફાઈનલ પ્લોટ મુજબની કુલ સઘળી જમીન પૈકી બાંધકામ ના પ્રમાણમાં સદર વેચાણ આપેલ યુનીટના હિસ્સે આવતી વણવહેંચાયેલ .... સમચોરસમીટર જમીન કે જેની કકડાવાર અલગથી વહેંચણી ક્યારેય ન થઈ શકે તેવી જમીનના ફક્ત વપરાશી હક્ક સહિતની સદરહુ મિલકત.

નોંધ : સદર વ.વ. હીસ્સાની જમીન સબંધી અલગથી કોઈ કિંમત લખાવીલેનારે લખી આપનારને ચુકવેલ નથી.

જેની ચતુરદિશા નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

એવી વિગતોનો આ વેચાણ દસ્તાવેજ અમોએ તમોને સંપૂર્ણ સાવધ અવસ્થામાં કોઈપણ વ્યક્તિની કોઈપણ જાતની ધાક ધમકી, દાબ દબાાણને વશ થયા વગર, બીનકેફી હાલતમાં, અક્કલ હોંશીયારીથી, શુદ્ધ બુદ્ધિથી રાજીખુશીથી વાંચી વંચાવી સાંભળી, સમજી વિચારીને તનમનની સાવધ સ્વસ્થ અને તંદુરસ્ત અવસ્થામાં સામાન્ય માણસ સામન્ય પરિસ્થિતીમાં જે વર્તન કરે તે રીતે સભાન વર્તન કરીને મુક્ત સંમતીથી લખી આપેલ છે અને સદર વેચાણ દસ્તાવેજમાં તમો લખાવી લેનારએ પણ વાંચી, વંચાવી, સમજી વિચારીને તનમનની સાવધ સ્વસ્થ અને તંદુરસ્ત અવસ્થામાં સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ હકીકતોને માન્ય રાખેલ છે અને સદર વેચાણ દસ્તાવેજમાં તમોએ પણ સહી કરેલ છે. જેથી સદર વેચાણ દસ્તાવેજ આપાણે બંને તરફવાળાને તથા આપણા

વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો સહીત ઈત્યાદી તમામને સંપૂર્ણપાણે મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

આજરોજ તા. .... /...../ ૨૦૨૧ ના રોજ દિને શહેર અમદાવાદ મુકામે.

અત્રે................................મતુ   અત્રે................................શાખ.

લખી આપનાર/એક તરફવાળા   સાક્ષીની સહી

----------------------------------   ----------------

મે.મારૂતી કોપોરેશન એ નામની ભાગીદારી પેઢી
ના ભાગીદાર (૧) તુષાર અરવિંદભાઈ પટેલ પોતે જાતે તથા
નંબર-૨ થી નંબર-૧૪ ના કુલમુખ્ત્યાર તરીકે
(૨) ભરત મગનભાઈ ગજેરા(૩) ભરતકુમાર મગનલાલ ડોબરિયા
(૪) રતિભાઈ જેઠાભાઈ બોરડ(૫)તુષાર ધીરૂભાઈ ગઢિયા
(૬) રાકેશ ચીનુભાઈ પટેલ(૭) નયનાબેન નિલેશભાઈ ગજેરા
(૮)અરવિંદભાઈ બાબુભાઈ ગજેરા(૯)ચંદ્રિકાબેન અરવિંદભાઈ પટેલ
(૧૦) અશોકકુમાર રામભાઈ પટેલ(૧૧) લાલજીભાઈ પોપટભાઈ ગજેરા
(૧૨) અનંતકુમાર પરશોત્તમભાઈ પટેલ(૧૩) નીરવ નરેશભાઈ પટેલ
(૧૪) કનુભાઈ નાથાભાઈ ગજેરા   ----------------

<u>રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ ૩૨(અ) મુજબનું પરિશિષ્ટ</u>

લખી આપનાર/એકતરફવાળા થંબ ઈમ્પ્રેશ

-------------------------------- ---------------

મે.મારૂતી કોપોરેશન એ નામની ભાગીદારી પેઢી
ના ભાગીદાર (૧) તુષાર અરવિંદભાઈ પટેલ પોતે જાતે તથા
નંબર-૨ થી નંબર-૧૪ ના કુલમુખ્તાર તરીકે
(૨) ભરત મગનભાઈ ગજેરા(૩) ભરતકુમાર મગનલાલ ડોબરિયા
(૪) રતિભાઈ જેઠાભાઈ બોરડ(૫)તુષાર ધીરૂભાઈ ગઢિયા
(૬) રાકેશ ચીનુભાઈ પટેલ(૭) નયનાબેન નિલેશભાઈ ગજેરા
(૮)અરવિંદભાઈ બાબુભાઈ ગજેરા(૯)ચંદ્રિકાબેન અરવિંદભાઈ પટેલ
(૧૦) અશોકકુમાર રામભાઈ પટેલ(૧૧) લાલજીભાઈ પોપટભાઈ ગજેરા
(૧૨) અનંતકુમાર પરશોત્તમભાઈ પટેલ(૧૩) નીરવ નરેશભાઈ પટેલ
(૧૪) કનુભાઈ નાથાભાઈ ગજેરા

લખાવી લેનાર/બીજી તરફવાળા

-------------------------------- ---------------

મીલકત ની ઓળખ માટે નો ફોટોગ્રાફ

મિલકતનું સરનામું : ફ્લેટ નંબર-....., ...ફ્લોર,**સારથી રેસીડેન્સી,** નરોડા,અમદાવાદ

એકતરફવાળાની સહી : ....

બીજીતરફવાળાની સહી : ....

મીલકત ની ઓળખ માટે નો ફોટોગ્રાફ

મિલકતનું સરનામું : ફલેટ નંબર-....., ...ફ્લોર,**સારથી રેસીડેન્સી,** નરોડા,અમદાવાદ

એકતરફવાળાની સહી : ....

બીજીતરફવાળાની સહી : ....